ઈજારાદારશ્રીઓ  માટે વિશેષ  નોધ

<u>ઉપરોક્ત ટેન્ડરની ની આઈટમોના ભાવ ભરતી વખતે ઇજારદારશ્રીએ નીચેની બાબતોની ખાસ નોધ લેવી.</u>

(૧) બાંધકામમાં વાપરવામાં આવનાર ઈંટો ચિમની ભઠ્ઠાની તથા સ્પેશિયલ કપચી,ગ્રીટ,રેતી વીગેરે મટીરીયલ્સ સદરકામના ટેન્ડર સ્પેશીફીકેશન પ્રમાંણેનું ઊચ્ચ ગુણવત્તા ધરાવતું લાવવાનું રહેશે.(સ્પેશિયલ કક્ષા)

(૨)લાકડાની આઈટમમાં ઉપયોગમાં લેવાનું લાકડું સ્પેશીફીકેશન પ્રમાણેનું ફક્ત સાગનું જ લાવવાનું રહેશે.

(૩)બારી-બારણાની ફ્રેમ અને શટર માટે ઉપયોગમાં લેવામાં આવનાર એલ્યુમીનીયમ સેક્શન આઈટમના સ્પેશીફીકેશન પમાણે સાઈઝનુ અને શટર માટે ઉપયોગમાં લેવામાં આવનાર એલ્યુમીનીયમ સેક્સન આઈટમના સ્પેશીફીકેશન પ્રમાણેની સાઈઝનું અને એકમ વજનનું હોવું જરૂરી છે. તેમજ જે તે એલ્યુમીનીયમ સેક્શન સક્ષમ કક્ષાની પાસે મંજુર કરાવીને જ વાપરવાનું રહેશે.

(૪)સેનેટરી મટીરીયલ્સ સ્પેશીફીકેશનમાં દર્શાવ્યા પ્રમાણેની સાઈઝનું ધારા-ધોરણવાળા અને સક્ષમ  કક્ષાએ મંજુર કરેલ સેમ્પલ મુજબના જ લાવવાના રહેશે.

(૫)બારી-દરવાજાના ફિક્ષ્ચર્-ફાસ્ટીગ સ્પેશીફીકેશન પ્રમાણેના ધારા-ધોરણવાળા અને સક્ષમ કક્ષાએ મંજુર કરેલ  સેમ્પલ મુજબના જ લાવવાના રહેશે.

(૬)સદર કામમાં વાપરવામાં આવનાર ફલોરીંગ માટેની ટાઈલ્સ અને કોટા સ્ટોન સ્પેશીફીકેશન પ્રમાણેના  જ જાડાઈના અને ઉચ્ચ ગુણવતા ધરાવતા હોવા જોઈએ અને  સેમ્પલ સક્ષમ  કક્ષાએ મંજુર કરાવ્યા મુજબનો જથ્થો લાવવાનો રહેશે.

(૭ બાંધકામમાં વાપરવામાં આવનાર માલસામાન એન્જિનીયર ઈનચાર્જ દ્વારા એપૃવ્ઠ સેમ્પલ મુજબનો  વાપરવાનો રહેશે.

(૮)સંપુર્ણ કામની વર્કમેનશીપ લાઈન લેવલમાં હોવી જોઇએ તેમજ પોલીશીગ અને ફીનીશીંગની કામગીરી ઉચ્ચ કક્ષાની કરવાની રહેશે.

(૯) ટેન્ડર સાથે યંત્રો, ઓંજારો તથા ચાલુ હાથ પરના કામોની વિગત ઈજારદારશ્રી દવારા પૂરી પાડવાની રહેશે.

(૧૦)બિલ દર મહીને રજુ કરવા બાબત : આગલા માસમાં કરી આપેલ બધા કામ માટે હવાલાના ઇજનેરે નક્કી કરેલ હોય તે તારીખ અથવા તે પહેલા દર મહીને કોન્ટ્રાક્ટરે બિલ રજુ કરવાનું રહેશે. અને એ કામની ખરાઇ કરવાના ઉદેશયની હવાલાના ઇજનેર જુરૂરી માપ લેશે. અથવા લેવડાવશે. અને એ કામની ખરાઇ કરવાના ઉદેશથી હવાલાના ઇજનેર જરૂરી માપ લેશે. અથવા લેવડાવશે. અને બિલ રજુ થયા બાદ ગ્રાન્ટ અથવા એલ.ઓ.સી. ઉપલબ્ધ થયે તેનું  ચુકવણું કરવામાં આવશે. કામ થયા બાદ તેના બિલનું ચુકવણું વિલબથી થાય તો તે અંગે કોઈ વ્યાજ ચુકવવા પાત્ર બનશે નહીં. ઉપર જણાવ્યા મુજબના નિયત સમયની અંદર  કોન્ટ્રાક્ટર બિલ રજુ નહીં કરે તો હવાલાના ઇજનેર પોતાના તાબાના કોઈપણ અધિકારીને  કોન્ટ્રાક્ટરે અધીકુત કરેલ એજન્સીની હાજરીમાં ઉક્ત કામનું માપ લેવા મોકલશે અને તેવી માપયાદી પરની  કોન્ટ્રાક્ટરની કે તેના એજન્ટની સહી, તેના અનુમોદન માટે પુરતી ગણાશે. અને હવાલાના ઇજનેર આવી યાદીમાંથી બિલ બનાવશે, જે  કોન્ટ્રાક્ટરને બધી બાબતમાં બંધન કર્તા રહેશે.

ઠેકેદારની સહી.